GJMR020055752024

દાખલ તારીખ :– ૦૩/૦૭/૨૦૨૪
નોંધ્યા તારીખ :– ૦૩/૦૭/૨૦૨૪
ફેંસલ તારીખ :– ૦૫/૦૬/૨૦૨૬

સત્યमेव जयते

| સમયગાળો :– | વર્ષ | મહિના | દિવસ |
|---|---|---|---|
| | ૦૧ | ૧૧ | ૦૨ |

**એડીશ્નલ ચીફ જયુડી.મેજી.સાહેબશ્રીની કોર્ટમાં.મુ.મોરબી.**

| | |
|---|---|
| **ફોજદારી કેસ નં.** | **૪૫૦૯/૨૦૨૪** |
| **આંક–** | **૧૦** |
| **મોરબી એ ડિવી.પો.સ્ટે.એ–પાર્ટ ગુ.ર.નં.** | ૧૧૧૮૯૦૦૩૨૪૦૪૨૬/૨૦૨૪ |

| | |
|---|---|
| **ફરિયાદી** | શ્રી સરકાર |
| ફરિયાદી તરફે | વિ.એ.પી.શ્રી એન.વાય.વાઘજીયાણી |
| **વિરૂધ્ધ** | |
| **આરોપી** | ઈરફાનભાઈ મહેબુબભાઈ શેખ,<br>રહે.મોરબી જેલ રોડ, રબારી વાસ, અજીતભાઈ પઠાણના મકાનમાં, તા.જી.મોરબી. |
| આરોપી તરફે | વિ.વ.શ્રી એચ.એ.પટેલ |

| | |
|---|---|
| બાબત:– | આઈ.પી.સી.કલમ–૨૭૯ તથા એમ. વી. એકટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબ |

**–:: ફોર્મ–બી ::–**

| | |
|---|---|
| **ફરીયાદ આપ્યાની તારીખ** | ૨૩/૦૩/૨૦૨૪ |
| **ફરીયાદ રજીસ્ટર્ડ કર્યાની તારીખ** | ૨૪/૦૩/૨૦૨૪ |
| **ચાર્જશીટ રજૂ થયા તારીખ** | ૦૩/૦૭/૨૦૨૪ |
| **પ્લી લીધાની તારીખ** | ૦૪/૧૨/૨૦૨૪ |
| **પુરાવો શરુ કર્યાની તારીખ** | ૨૧/૧૨/૨૦૨૪ |
| **ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ** | ૦૨/૦૬/૨૦૨૬ |
| **ચુકાદો જાહેર કર્યાની તારીખ** | ૦૫/૦૬/૨૦૨૬ |
| **જો સજા કરેલી હોય તો તે તારીખ** | ––– |

## -: આરોપીની વિગત :-

| | |
|---|---|
| આરોપીઓનું નામ | ઈરફાનભાઈ મહેબુબભાઈ શેખ |
| અટક કર્યા તારીખ | ૨૩/૦૩/૨૦૨૪ |
| જામીન પર છોડયા તારીખ | ૨૩/૦૩/૨૦૨૪ |
| ગુન્હો | આઈ.પી.સી.કલમ-૨૭૯ તથા એમ. વી. એકટની કલમ ૧૭૭, ૧૮૪ |
| તકસીરવાન/નિર્દોષ | નિર્દોષ |
| સજા | -- |
| બી.એન.એસ.એસ.ની કલમ: ૪૬૮ માટે કસ્ટડીમાં રહેલ સમય | -- |

## -: ફોર્મ-સી :-

**ફરિયાદ પક્ષે/ બચાવ પક્ષે / કોર્ટ તરફે સાહેદ લિસ્ટ :-**

**એ./ ફરિયાદ પક્ષે સાહેદ લિસ્ટ :-**

| ક્રમ | મૌખિક પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચસાહેદ મહમદભાઈ ઈસ્માઈલભાઈ પરમારની જુબાની | ૦૪ |
| ૨ | ફરિયાદી સુરેશભાઈ આલાભાઈ છૈયાની જુબાની | ૦૮ |

**ફરિયાદ પક્ષે/ બચાવ પક્ષે / કોર્ટ પક્ષે આંક :-**

**એ./ ફરિયાદ પક્ષે દસ્તાવેજી લિસ્ટ :-**

| ક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચનામું | ૦૫ |
| ૨ | ફરિયાદ | ૦૯ |

**–:: ઠરાવ ::–**

૧. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામે સી.એન.જી. રીક્ષા રજી.નં.GJ-36-U-6870 ના ચાલકે પોતાના હવાલાવાળુ વાહન ભયજનક રીતે રાહદારીની જીંદગી જોખમાય તે રીતે ચલાવી નિકળતા મળી આવતા આરોપી વિરૂધ્ધ આઈ.પી.સી. કલમ- ૨૭૯ તથા એમ. વી. એકટની કલમ- ૧૭૭, ૧૮૪ મુજબ મોરબી સીટી એ ડિવી. પો.સ્ટે. એ–પાર્ટ ગુના રજી. નં. ૧૧૧૮૯૦૦૩૨૪૦૪૨૬/૨૦૨૪ થી આપતાં તેની તપાસ કરી, તપાસ કરનાર અમલદારે આરોપીને અટક કરી, લાગતાં વળગતાં સાહેદોનાં નિવેદનો લઈ, તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ગુન્હો બનતો હોવાનો પુરાવો હોય અત્રેની કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરેલ.

૨. આરોપીને સમન્સની બજવણી થતાં તેઓને ક્રિ.પ્રો.કો.ની કલમ ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે પૂરી પાડયાની ખાતરી કર્યા બાદ, આરોપીના ગુના સંબંધી આંક–૦૩ થી નિવેદન લેતાં આરોપીએ તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરતાં ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવી. ફરીયાદ પક્ષે પુરાવો રજુ કરવા જણાવતાં ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવો નોંધ્યો.

૩. ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં ફોર્મ સી મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

૪. ફરિયાદ પક્ષનો પુરાવો પુર્ણ થયા બાદ ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન લેવું જરૂરી જણાતું ન હોય આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.

૫. આ કામે સદરહુ કેસના ન્યાયીક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

**:૧:** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામે સી.એન.જી. રીક્ષા રજી.નં.GJ-36-U-6870 ના ચાલકે

પોતાના હવાલાવાળુ વાહન ભયજનક રીતે રાહદારીની જીંદગી જોખમાય તે રીતે ચલાવી નિકળતા મળી આવતા , આરોપીએ આઈ.પી.સી. કલમ–૨૭૯ તથા એમ.વી.એકટની કલમ– ૧૭૭, ૧૮૪ મુજબનો શીક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

:૨: શું હુકમ ?

૬. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે. :

**૧. નકારમાં**

**૨. આખરી હુકમ મુજબ**

**<u>–:: નિર્ણયના કારણો ::–</u>**

**<u>મુદ્દા નંબર – ૧:–</u>**

૭. સદર કામે ફરિયાદ પક્ષે તપાસેલ સાહેદોનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, આંક–૦૮ થી ફરિયાદી સુરેશભાઈ આલાભાઈ છૈયા ને તપાસેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, ગઈ તારીખ ૨૩/૦૩/૨૦૨૪ ના રોજ તેઓ તથા અન્ય પોલીસ કર્મચારી મોરબી શહેર વિસ્તારમાં ટ્રાફીકની કામગીરીમાં હતા. તે દરમ્યાન તખ્તસિંહજી રોડ, શીવાની સીઝન સ્ટોર દુકાન પાસે એક વાહન ચાલક ઈસમ પોતાના હવાલાવાળું વાહન પૂરઝડપે અને બેદરકારી રીતે ચલાવી નીકળતા તેમને ઉભા રાખી નજીકમાંથી પંચો બોલાવી તેનું નામ પૂછતા પોતે પોતાનું નામ ઈરફાનભાઈ મહેબુબભાઇ શેખ રહે. મોરબી વાળા હોવાનું જણાવેલ અને સદર ઈસમ વાહન પૂરઝડપે અને બેદરકારી રીતે ચલાવતા હોય સદર ઈસમની ધોરણસર પંચનામાની રૂએ અટક કરેલી. સદર ઈસમ વિરૂધ્ધ તેઓએ મોરબી સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલ.તેઓ સાહેબે આ ફરીયાદ આપેલી. જે ફરિયાદ આંક–૦૯ થી રજુ થયેલ છે. જે ગુન્હાની તપાસ એ.એમ.જાપડીયા, પો. હે. કો. ને સોંપતા તપાસ સંભાળી લઇ આરોપી વિરૂધ્ધ પૂરતો પુરાવો હોય, નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને જોયેથી ઓળખી શકે છે.

સદર સાહેદની આરોપી તરફે ઉલટ તપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે પંચોના નામ ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળું સ્થળ લોકોના અવર–જવર વાળું અને વસ્તીવાળું સ્થળ છે. એ વાત ખરી છે કે અમે કયા વાહનમાં ગયેલા તે ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે પોલીસે કરેલ કાર્યવાહીની નોંધ સ્ટેશન ડાયરીમાં કરવાની હોય છે. એ વાત ખરી છે કે હાલના કામે સ્ટેશન ડાયરીની નોંધ રજૂ કરેલ નથી. એ વાત ખરી છે કે અમારા ઉપરી અધિકારી તરફથી વારંવાર ટ્રાફીક અંગેના કેસ કરવાની સૂચના આપવામાં આવે છે અને તેની ડ્રાઇવ કરવામાં આવે છે.

૮. પંચ સાહેદ મહમદભાઈ ઈસ્માઈલભાઈ પરમારને આંક–૦૪ થી તપાસેલ છે. પંચ સાહેદના પુરાવામાં આંક–૦૫ થી પંચનામું રજુ થયેલ છે. આ પંચ સાહેદનો પુરાવો જોતાં બનાવ વિશે કશુ જાણતા ન હોવાનું જણાવે છે. પંચ સાહેદને ફરિયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરી એ.પી.પી.શ્રી દ્વારા તેઓની કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ તેઓ પંચનામાની હકીકતને સમર્થનકારક કોઈ પુરાવો આપતા નથી. આમ, પંચ સાહેદના પુરાવાથી પંચનામાની હકીકતને સમર્થન મળતું નથી. આ સિવાય અન્ય કોઈ સાહેદના પુરાવા ફરિયાદ પક્ષે તપાસેલ નથી.

૯. સદર કામે આરોપી ઉપર ભારતીય દંડ સંહિતાની કલમ ૨૭૯ મુજબ આક્ષેપ છે. તેથી ફરિયાદ પક્ષે વ્યાજબી શંકાથી પર એ પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે કે બનાવ સમયે આરોપી બેદરકારીથી ગફલતભરી રીતે પુરઝડપે ડ્રાઈવીંગ કરતાં હતાં. આ કામે કોઈ સ્વતંત્ર સાહેદને તપાસવામાં આવેલ નથી, માત્ર ફરીયાદી કે જે પોલીસ કર્મચારી છે તેઓએ ફરિયાદને અનુરૂપ પુરાવો આપેલ છે, ફરિયાદીના પુરાવાને સ્વતંત્ર સાહેદના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું નથી. પંચ સાહેદ પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી. બનાવવાળી જગ્યા મોરબી શહેર વિસ્તારમાં તખ્તસિંહજી રોડ, શીવાની સીઝન સ્ટોર દુકાન પાસે પાસે આવેલી છે અને ત્યાં વાહનોની અવરજવર

વાળો વિસ્તાર છે, ત્યારે હાલની ચાલક વિશે કોઈ પબ્લીક તરફથી કે અન્ય રીતે પુરઝડપે અને ગફલતભરી રીતે વાહન ચલાવે છે તે અંગેની કોઈ ફરીયાદ નથી. ભારતીય દંડ સંહિતાની કલમ ૨૭૯ માં ગુનો પુરવાર કરવામાં માત્ર પુરઝડપે નહી પરંતુ આરોપીની બેદરકારીનું કૃત્ય પણ પુરવાર કરવું અતિ આવશ્યક અને જરૂરી છે. જેથી આરોપી બેદરકારીથી વાહન ચલાવતો હતો તે હકીકત પુરવાર થતી નથી. આમ, ઉપરોક્ત તમામ ચર્ચાને આધીન મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-:: આખરી હુકમ::-</u>**

**૧.** આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતા-૧૯૭૩ ની કલમ-૨૫૫(૧) અન્વયે, ઈ.પી.કોડની કલમ ૨૭૯ તથા એમ.વી.એક્ટની કલમ ૧૭૭,૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે, નિર્દોષ ઠરાવી, છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** મુદ્દામાલ વાહન અંગે અગાઉ કરેલ હુકમ કાયમ કરવામાં આવે છે.

**૩.** આરોપીએ સી.આર.પી.સી.ની કલમ-૪૩૭ મુજબના અપીલ સમય સુધીના જામીન રજૂ કરવા.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**તારીખ :-** ૦૫/૦૬/૨૦૨૬

**સ્થળ :-** મોરબી.

**(પ્રશાંત પરમાનંદ શાહ)**
એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ,
મોરબી.
(U.I.C.NO. GJ00665 )

Guj. Steno. - Farhin Shekh